# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૧/ક્વા-૦૪/૨૦૧૯-૨૦/૫૦ તા.૨૧/૦૯/૨૦

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૩૧/ક્વા-૦૪/૨૦૧૯-૨૦**

અરજદાર: શ્રી પરમાર નાગાજણભાઈ કારાભાઈ ગામ – પાતા

સબડીવીઝન: માધવપુર

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી માંગરોળ

## :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રીમતી નીતીનાબેન એચ. જોશી |
| ૩) મેમ્બર ટેકનીકલ | : | શ્રી કે.વી.ભટ્ટ |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી,જુનાગઢ

તારીખ: શનિવાર (૦૫.૦૯.૨૦૨૦)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૫.૦૯.૨૦ (શનિવાર)નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, નાગાજણ કારાભાઈ પરમાર તેઓ પોરબંદર તાલુકાના જીલ્લાના મોજે ગામ પાતા ના વતની છે અને ચીંગરીયા ગામે તેઓ જમીન ધરાવે છે સદર જમીન નવું વીજ જોડાણ મેળવવા માટે પોરબંદર સર્કલ નીચે આવતા માધવપુર ખાતાની કચેરીએ અરજી કરેલ હતી સદર અરજીનું ભાવપત્રક તેઓએ ભરી દીધું છે પરંતુ તેઓશ્રી ના પિતાશ્રી કારાભાઈ લીલાભાઈ પરમારનું બાકી લેણું હોય આ અંગે કોર્ટ કાર્યવાહીમાં તેઓની તરફેણમાં ચુકાદો આવેલ

હોવા છતાં આજ દિન સુધી  તેઓને વીજ જોડાણ મળેલ નથી -અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારશ્રી ની લેખીત રજૂઆત મુજબ શ્રી પરમાર નાગાજણભાઈ કારાભાઈ ના નામે સીજીઆરએફ માં અરજી કરેલ છે. અરજદાર શ્રી દ્વારા ગામ-પાતા તા.-પોરબંદર ,પેટા વિભાગીય કચેરી માધવપુર મુકામે નવા ખેતીવાડી વીજ જોડાણ અંગેની માંગણી કરેલ હોય અને આ માંગણીના અનુસંધાને વીજ જોડાણ મળેલ ન હોય તેવી રજૂઆત કરવામાં આવેલ છે.

૩.૧ સદર અરજદારશ્રી ની અરજીના અનુસંધાને માધવપુર પેટા વિભાગીય કચેરીએથી ક્રમાનુસાર ક્રમ આવતા સ્થળ પર સર્વે કરી,સર્વે મુજબ નું અંદાજપત્ર આપવામાં આવેલ.જે તેમના દ્વારા ભરપાઈ પણ કરવામાં આવેલ હોય.

૩.૨ પરંતુ અરજદારના પિતાશ્રી કારાભાઈ લીલાભાઈ પરમારના નામે કંપનીની બાકી લેણી રકમ રૂ. ૭,૩૭,૦૯૨/- વસુલ કરવા અંગે નામદાર કોર્ટમાં દાવા નંબર-૨૫/૨૦૦૪ થી ચાલી જતાં કંપની ની તરફેણમાં તા.૦૬/૦૧/૨૦૧૦ ના રોજ હુકમ કરવામાં આવેલ અને તેના અનુસંધાને દરખાસ્ત નંબર-૨૬/૨૦૧૦ નામદાર કોર્ટમાં દાખલ કરેલ હતી.ત્યારબાદ પ્રતિવાદી દ્વારા હુકમનામું રદ કરી દાવો રિસ્ટોર કરવામાં આવેલ અને તેના અનુસંધાને તારીખ-૨૭.૦૯.૨૦૧૭ ના રોજ કંપની ની વિરુદ્ધ માં હુકમનામું આવેલ.

૩.૪ આ હુકમનામાં સામે કંપની દ્વારા નામદાર કોર્ટમાં RCA-૨/૨૦૧૮ થી પરચુરણ અરજી કરવામાં આવેલ છે,જે એચએએલ અનિર્ણિત છે.આમ,સદર કિસ્સામાં અરજદારશ્રીની નવા ખેતીવાડી વીજ જોડાણની કાર્યવાહી થયેલ નથી.

## :: હુકમ ::

૪.0 અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ અરજદારશ્રી પાસે પીજીવીસીએલ નું લેણું બાકી રહેતું હોવા છતાં અંદાજપત્ર આપતી વખતે માધવપુર પેટા વિભાગીય કચેરી દ્વારા બાકી રકમ અંદાજ પત્ર માં ચડાવેલી નથી.અને કોઈ અલગ પત્ર આપીને પણ અરજદારશ્રી ને જાણ કરેલી નથી.આ અંગે કંપની દ્વારા જવાબદાર અધિકારીશ્રી સામે કંપની ના નિયમ મુજબ પગલાં લેવા જણાવવામાં આવે છે.જેથી ભવિષ્ય માં આવા કોઈ પ્રશ્નો ઊભા થાય નહીં.

૪.૨ આ બાબતે અરજદારશ્રી પાસે થી વાંધા સાથે બાકી લેણી રકમ ના નાણાં ભરપાઈ કરે તો કનેક્શન આપવામાં આવશે.

૪.3 સદર બાબત હાલ કોર્ટમાં પેન્ડિંગ હોય તો ફોરમ દ્વારા આ અંગે કોઈ યોગ્ય હુકમ આપી શકાય નહીં.

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શ્રીમતી નીતીનાબેન એચ. જોશી | શ્રી કે.વી.ભટ્ટ | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-૩૦ માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯